ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ,ગાંધીનગર મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઇસમોને શૈક્ષણિક તથા સ્વરોજગારના હેતુ અંતર્ગત બેંક મારફતે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ **SJED/MSM/e-file/17/2024/2673/A-1 Section**

સચિવાલય, ગાંધીનગર.

As per e-sign.

**<u>વંચાણે લીધા:</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૧/૦૫/૨૦૨૫ ઠરાવ ક્રમાંકઃ **SJED/MSM/e-file/17/2024/2673/A-1 Section**

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૯/૦૩/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:DDCW/BNI/e-file/225/2025/0249/CHH-Branch - Corporation

**<u>આમુખ:</u>**

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ,ગાંધીનગર મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઇસમોને શૈક્ષણિક તથા સ્વરોજગારના હેતુ અંતર્ગત બેંક મારફતે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવામાં આવે છે. આ ઠરાવની શરત નં.૧૦થી પરિવહન અર્થે ધંધા રોજગાર માટે ખરીદ કરેલ વાહનો માટે લીધેલ લોન પર રૂ.૫.૦૦ લાખથી રૂ.૨૦ લાખની મર્યાદામાં લાભાર્થીને મહત્તમ રૂ.૧.૨૦ લાખની(વાર્ષિક) વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે તેવી જોગવાઇ થયેલ છે. જેમાં વંચાણે લીધેલ ક્રમાંક-(૨) ના પત્રથી સુચિત સુધારો કરવા અત્રે દરખાસ્ત મળેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>-ઠ રા વ –</u>**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના વિદ્યાર્થી/ઇસમોને શૈક્ષણિક તથા સ્વરોજગારના હેતુ અંતર્ગત બેન્ક મારફતે લીધેલ લોન પર વ્યાજ સહાય આપવા બાબતના તા.૦૧/૦૫/૨૦૨૫ના ઠરાવની શરત નં. ૧૦ માં સદરહુ યોજના માટે કરાવેલ વાર્ષિક અંદાજપત્રીય જોગવાઇમાં કોઇ વધારો ન થાય તે શરતે ન્યુનત્તમ રકમ રૂા.૫/- લાખથી ઘટાડીને શૂન્ય ગણવા તેમજ મહત્તમ રૂા.૨૦/- લાખ સુધી મર્યાદા યથાવત રાખવા આથી મંજૂરી આપવામાં આવે છે. (લાભાર્થીને મહત્તમ રૂ.૧.૨૦ લાખની (વાર્ષિક) વ્યાજ સહાય ત્રણ વર્ષ માટે મળવાપાત્ર થશે.)

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવની શરત નં.૧૦ના સુધારા સાથે અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૫/૨૦૨૬ની નોંધથી

મળેલ અનુમતિ અન્‌વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

e-SD/-

(હિતેશકુમાર એસ.)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

<u>**નકલ રવાના:**</u>

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (સા. ન્યા અને અ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
- મેનેજીંગ ડિરીક્ટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ/કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઈલ.

*Signature Not Verified*

*Signed by:Hiteshkumar Shivabhai Amin*
*Deputy Secretary*
*Date:2026.06.10 18:19:40 +5:30*


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*